Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૨૬ તા.૨૨ જૂનથી ૨૮ જૂન ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## સમસ્ત મહાજનના ઉપક્રમે ડોંબિવલીમાં KDO BUDS-2 જ્ઞાનસંસ્કરણ શિબિર સંપન્ન

















# હાર્દિક અભિનંદન...

## લાલકા તથા મોમાયા પરિવારોનું ગૌરવ



### ચિ. આકાશ રાજેશ લાલકા

અમારા લાડલા **ચિ. આકાશ રાજેશ લાલકા** એ Diploma in Mechanical Engineering માં 76.97% માર્કસ પ્રાપ્ત કરી અમારા પરિવારનું નામ રોશન કરેલ છે.

અમે સૌ પરિવારજનો એની ઉજ્જવલ ભવિષ્યની કામનાની સાથે અભિનંદન આપીએ છીએ.

**શુભાશીષ**

દાદાણા : રેખાબેન હીરાચંદ લાલકા (બાંડીયા-ભુજ)
નાનાણા : ઝવેરીબેન હીરાચંદ મોમાયા (ડુમરા-મુલુંડ)
માતા-પિતા : રશ્મિ રાજેશ લાલકા (બાંડીયા-નાસીક)

## બાંડીયા ગામનું ગૌરવ



### ચિ. પ્રાચી મયુર શાહ (લોડાયા)

**ચિ. પ્રાચી** S.S.C. (CBSE) ની પરિક્ષામાં 91% માર્કસ સાથે ઉતીર્ણય થઇ બન્ને પરિવોરોનું ગૌરવ વધારેલ છે. ભાવી સાફલ્યની શુભેચ્છાઓ...

અમે સૌ પરિવારજનો એની ઉજ્જવલ ભવિષ્યની કામનાની સાથે અભિનંદન આપીએ છીએ....

**શુભાશીષ**

દાદાણા : શાંતાબેન ખીમજી રાયશી લોડાયા (મુલુંડ)
પુષ્પાબેન મણીકાંત રાયશી લોડાયા (મુલુંડ)
લતાબેન નવિન રાયશી લોડાયા (ભુજ)
નાનાણા : ઝવેરીબેન હીરાચંદ મોમાયા (ડુમરા-મુલુંડ)
માતા-પિતા : હેતલ મયુર ખીમજી લોડાયા(મુલુંડ)

॥ શ્રી પદ્દમાવતી દેવીભ્યો નમઃ ॥

## હાર્દિક અભિનંદન



### ચિ. હીરલ જગદીશ નાગડા

(M.B.A.) Mob. : 09819272703
જન્મ : તા.૨૮.૪.૧૯૮૫
જખૌ-વાલકેશ્વર (મુંબઇ)

**શુભાશિષ**

**દાદાણાં**
માતુશ્રી દયાબેન ભાનુચંદ નાગડા પરિવાર (જખૌ)

**નાનાણાં**
માતુશ્રી લક્ષ્મીબેન ખેતશી મોતા પરિવાર (લાખણીયા-વસઇ)

**માતા-પિતા**
સુર્યા જગદીશ નાગડા (જખૌ-વાલકેશ્વર)

**બહેન**
કુ. નેહલ જગદીશ નાગડા

Mob. : 09769429432 / 09322891852 Resi. : 022-66643558

## ગોસર અને મોમાયા પરિવારનું ગૌરવ

## હાર્દિક અભિનંદન



### કુ. સલોની પંકજ ગોસર (ભાંડુપ)

**SSC** માં **93%** ગુણાંકે ઉત્તીર્ણ થઇ પરિવારનું નામ રોશન કરેલ છે. ઉત્તરોતર પ્રગતિની શુભેચ્છાઓ.

**દાદાણાં**
માતુશ્રી ધનબાઇ ખીમજી મેઘજી ગોસર (બાયઠ-ભાંડુપ)

**નાનાણાં**
માતુશ્રી નિર્મળાબેન નિરંજન કેશવજી મોમાયા (વરાડીયા-મુંબઇ)

**માતા-પિતા**
જલ્પા પંકજ ખીમજી ગોસર

આદ્યતંત્રીઓ
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા
: સહતંત્રી :
ચંપક જીવાણી-09820808077

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

અંક નં. 26/2013

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું એક દાનવીર કુટુંબ

**લેખક - શ્રી લખમશી હીરજી મૈશેરી બી.એ.એલ.એલ. જે.પી. જડજ સ્મોલ કોઝીઝ કોર્ટ, મુંબઈ.**

(રાજેશ્રી લખમશીભાઇ મુંબઇની સ્મોલ કોઝીઝ કોર્ટએના પહેલા કચ્છી તથા પહેલા જૈન જડજ છે, તેમજ તેઓ પોતાની શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિના મહાજનના પ્રમુખ છે. તેઓ એક વખત મુંબઇની મ્યુનીસિપલ કોર્પોરેશનના સભાસદ હતા.) તંત્રી - **'સ્વદેશ'**

## દાનવીર શેઠ ખેતસીંહ ખીયસિંહ

**નામ રહતાં ઠક્કરો, નાણાં નવ રહંત,**
**કીર્તિ કેરાં કોટડાં, પાડ્યાં નવ પડત.**

ખેતવાડી ઉપર ગુજરાન ચલાવતા આ નરપાણી કુટુંબમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચનાર અને નાયક તરીકે શેઠ ખેતસિંહભાઇ ગણી શકાય. તેઓનો જન્મ સવંત ૧૯૧૧ (ઇ.સ.૧૮૫૫)માં થયો હતો. તેર વર્ષની ન્હાની વયે પોતાની ફોઇ સાથે પ્રથમ મુંબઇમાં આવ્યા અને વ્યવહાર પરતું જ્ઞાન શાકગલીવાલી પ્રખ્યાત પુરૂષોત્તમ મહેતાની નિશાળમાં તેમણે મેળવ્યું, અને તરત જ તેઓ શેઠ માધવજી ધરમશીની કાં. માં રૂ ખાતામાં નોકરીએ રહ્યા, જ્યાંથી છુટ્ટા થઇ પોતાનો વ્યાપાર ખેતશી મૂળજીની કાં. ના નામથી શરૂ કર્યો. પરંતુ થોડા વર્ષ પછી આ કંપનીને ભારે ખોટ જવાથી બંધ કરવી પડી. કંપનીના બે ભાગીદારો દેશ ચાલી જવાથી શેઠશ્રીએ પોતાના હિસ્સાની નુકસાની આપી સઘળા લેણદારોને સંતાપ્યા. ત્યારપછી તેઓએ પોતાના ભાઇ શેઠ સોજપાળ ખેતસિંહના નામથી વ્યાપાર ચાલુ કરી કંપનીની આંટ જમાવી. દરમ્યાન ખેતસિંહ ભાઇનાં લગ્ન બે વખત થઇ ગયાં હતા. પ્રથમનાં પત્નિનું નામ વેજબાઇ હતું જેમના વેરે સંવત ૧૯૩૨માં લગ્ન થયાં હતાં. તથા સંવત ૧૯૩૭માં તેમનું બીજીવારનું લગ્ન બાઇ વીરબાઇ સાથે થયું હતું તે હાલ હયાત છે. સંવત ૧૯૪૪માં બાઇ વીરબાઇની કુખે ભાઇ હીરજીનો જન્મ થયો. "Born with a silver spoon in his month" એ કહેવત પ્રમાણે હીરજી ભઆઇના જન્મ સાથે સોજપાર ખેતસિંહની કંપનીએ તેજ વર્ષમાં બહુજ સારો નફો મેળવ્યો. આથી બધા ભાઇઓની સમ્મતીથી હીરજી ખેતસિંહની કાં નું નામ ચાલુ કરવામાં આવ્યું. આ કાં.ની સ્થાપના થયા પછી ખેતસિંહ શેઠે કરોડા રૂપિયા પેદા કર્યા હતા અને તે કરોડોને તિજોરીમાં પૂરી ન રાખતાં તેમણે મેળવેલ નાણાંનો સદુપયોગ કરેલ છે. જે નીચેની તેમની નાદર સખાવતો ઉપરથી જણાશે.

સંવત ૧૯૫૫થી આજ સુધી કચ્છ-કાઠિયાવાડ અને ગુજરાતમાં દુષ્કાળના પ્રસંગે

| | |
|---|---|
| ગરીબોને અન્ન વસ્ત્ર અને મુંગા પ્રાણીઓને ઘાસ ચારા માટે આશરે | રૂા. ૧૨,૦૦,૦૦૦ |
| દેરાસરોના જીર્ણોદ્ધાર માટે | રૂા. ૧,૦૦,૦૦૦ |
| ધર્મશાળાઓનાં બાંધકામમાં | રૂા. ૧,૦૦,૦૦૦ |
| જીવદયા ફંડ અને પાંજરાપોળો માટે | રૂા. ૧,૦૦,૦૦૦ |
| પાલીતાણાના સંઘ વખતે | રૂા. ૧,૭૫,૦૦૦ |
| ઉજમણા પ્રસંગે | રૂા. ૮૨,૦૦૦ |
| પોતાને વતન સમસ્ત જ્ઞાતિને આમંત્રી તેમના દર્શનથી પાવન થવાને કરેલ મેળા પ્રસંગે | રૂા. ૮૨,૦૦૦ |
| જ્ઞાતિમાં કરેલ સાત વાસણોની લાણીમાં | રૂા. ૮૦,૦૦૦ |
| પાલીતાણાની બોર્ડગને | રૂા. ૫૦,૦૦૦ |
| બીજી બોર્ડિંગો, બાળાશ્રમો અને અનાથાશ્રમોમાં | રૂા. ૩૦,૦૦૦ |
| પાઠશાળાઓ, કન્યાશાળાઓ અને શ્રાવિકાશાળાઓમાં | રૂા. ૨૫,૦૦૦ |
| લીંબડીના ઉપધાનની બે વખતની ક્રિયામાં | રૂા. ૨૪,૦૦૦ |
| પાલીતાણાની રેલની હોનારત વખતે છાપરાંઓનાં બાંધકામમાં | રૂા. ૧૫,૦૦૦ |

| | |
|---|---|
| શ્રી કચ્છી દશા ઓશવાળ | |
| જૈનજ્ઞાતિનું કરજ દફે કરવા. | રૂા. ૭૬,૦૦૦ |
| નિરાશ્રીતો માટે | રૂા.૧,૦૧,૧૦૦ |
| તે તરફથી એમને મળેલ માન પ્રસંગે | |
| જાુદાં જાુદાં ખાતાઓમાં | રૂા.૨૫,૦૦૦ |
| લીંબડી મધ્યે બોર્ડિંગનું મકાન | રૂા.૨૭,૦૦૦ |
| લીંબડી મધ્યે દેરાસર | રૂા.૨૫,૦૦૦ |
| પ્રોફેસર બાઝની ઈન્સ્ટીટ્યુટને | રૂા.૫,૦૦૦ |
| પંડીત માલવિયાજીએ સ્થાપેલા | |
| બનારસ હિન્દુ યુનિવર્સિટીને | રૂા.૧,૦૦,૦૦૦ |
| મુંબઇ બોર્ડિંગને | રૂા.૧૦,૦૦૦ |
| **કુલ્લે આશરે** | **રૂા.૨૪,૩૦,૧૦૧** |

તેમજ જામનગરની આર્ઈનેઝમાં તથા કલકત્તાની કોનફરન્સ પ્રસંગે જાુદાં જાુદાં ફંડોમાં પણ તેમણે ઉદાર હાથે મદદ કરી છે. તદુપરાંત પાલીતાણા નજદીક ચોક ગામમાં હોસ્પીતાલનું મકાન બાંધી આપ્યું છે. કચ્છ સુથરી મધ્યે દવાખાનું તેમના નામે ચાલુ છે, હાલારમાં દબાસંગ આદિ બીજાં ગામોમાં પાઠશાળાઓ તેમના તરફથી ચાલુ છે, વધારામાં તેમણે કરેલ ગુપ્ત દાનની તો ગણનાં થઇ શકે તેમ નથી. તેમના ભાઇઓ પણ તેમની દરેક સખાવતામાં પોતાની શક્તિ અનુસાર ફાળો આપવાને ચુક્યા નથી.

વ્યાપારી કુનેહમાં ખેતસિંહ ભાઇનાં વખાણં કરવાં એ સોના ઉપર ઢોળ ચઢાવ્યા બરોબર હોવાથી હું નીચેનાં થોડાં ખાતાઓ કે જેમાં તેઓ ડાયરેક્ટર તરીકે હોદ્દો ભોગવતા હતા. તેનાં નામો આપીશ.

બેન્ક ઓફ ઈન્ડિયા લીમીટેડ, સેફ ડિપાઝીટ લી. જ્યુપીટર જનરલ ઈન્સ્યુરન્સ કાું. લી. રાજપુતાના મીનરલ કાું. લી. અશોક સ્વદેશી સ્ટોર્સ લી. ન્યુ સ્ટોક એક્ષચેન્ઝ અને બોમ્બે કોટન એક્ચેન્જ.

વ્યાપારી કુનેહ અને ઉદાર સખાવતોનાં કારણે નામદાર સરકારે તેમને “જસ્ટીસ ઓફ ધી પીસ” નો માનવંતો ખેતાબ એનાયત કરી લાયકની યોગ્ય કદર કરી હતી.

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિએ ઇ.સ.૧૯૧૭માં ઓનસર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસના પ્રમુખપણા નીચે એક દબદબા ભર્યા મેળાવડામાં મહાજન તરફથી તેમને પાઘડી બંધાવી મોટું માન આપ્યું હતું. તેમજ તેઓ જ્ઞાતિ મહાજનના વર્ષોસુધી પ્રમુખ રહ્યા હતા.

જૈન કોમે ખેતસિંહ શેઠને સને ૧૯૧૭માં કલકત્તાના આંગણે આમંત્રી જૈન કોન્ફરન્સના આગયારમાં અધિવેશનના અધ્યક્ષ નિમ્યા હતા. તેઓ જૈન કોન્ફરન્સના કચ્છી તરીકે પહેલાજ પ્રમુખ હતા. એઓશ્રીએ અધ્યક્ષ તરીકે આપેલું ભાષણ સ્થાનિક વર્તમાનપત્રોએ એકી અવાજે વખાણ્યું હતું.

ટુંકમાં એમનું જીવન તદ્દન સાદું અને સરળ હતું અને પોતે એક કોટવાધિપતિ હોવા છતાં ગરીબોનાં દુઃખે દુઃખી થવામાં પોતાનાં જીવનની સાર્થકતા માનતા, જોકે એઓએ આજની કહેવાતી ઉચ્ચ કેળવણી મેળવી નહતી, તદપિ તેમની જીવનપ્રણાલિ ઉચ્ચ આશય ઉપર મૂકાઇ આદર્શ જીવનની ઝાંખી કરાવતી હતી. એઓશ્રીની સમજપૂર્વકની સખાવત કેવી જાતની હતી તે નીચેના પ્રસંગ ઉપરથી જણાશે.

એક વખતે કોઇએક ગૃહસ્થે તેમને કોઇ સરકારી શાળામાં રૂા.૨,૨૫,૦૦૦, આપવા ભલામણ કરી અને કહ્યુ કે આ શુભ કાર્ય કરવાથી સરકાર આપના ઉપર ખુશી થશે અને આપની યોગ્ય કદર જરૂર કરશે. એ વખતે તેઓશ્રીએ હસ્તે ચહેરે એ ગૃહસ્થને જવાબ આપ્યો કે સરકાર મારી કદર કરે એ હું વધુ પસંદ કરૂ છું. હાલ મારી માતૃભૂમિ કચ્છમાં તેમજ કાઠિયાવાડ અને ગુજરાત આદિ સ્થળોએ ભયંકર દુષ્કાળ ચાલી રહ્યો છે અને મ્હારા હજારો ભાઇઓ અન્નના કોળીઆ વિના તરફડી રહ્યા છે, આ પ્રસંગે સવા બે લાખ જેવી નાદર રકમ હું આપની સલાહ મુજબ ખર્ચું તેના કરતાં મ્હારા એ રંક ભાઇઓના ભલા ખાતર અર્પું એમાં મ્હારે ઇશ્વરની વધુ પસંદગી લાગે છે. અને તેથી સવા બે લાખ નહિ પણ અઢી લાખ રૂપીયા હું આજ વખતે મ્હારા એ દુઃખી ભાઇઓના ભલાં માટે કાઢું છું. આ ઉદાહરણ ઉપરથી એમની માનવ દયા કેવા પ્રકારની હતી તે સ્હેજે સમજી શકાય તેમ છે.

તેઓશ્રીને પોતાના ધર્મ ઉપર બહુજ શ્રદ્ધા હતી. અને તેઓશ્રી નિયમિતપણે દેવદર્શન કરતા તથા જૈન સાધુઓ અને સાધ્વીઓ વગેરેની તમામ પ્રસંગે તન, મન તથા ધનથી સેવા ચાકરી કરવા સદા તત્પર રહેતા.

સને ૧૯૨૦માં એમના એકના એક પુત્ર ભાઇ હીરજી પારિસ ખાતે પોતાની યુવાન વયે એકાએક દેવગત થવાથી એમનાં વૃદ્ધ હૃદયને મહાન આઘાત થયો અને તેથી એમની તબિયત લથડી અને તે પછી સને ૧૯૨૨ ના માર્ચ માસની ૨૨મી તારીખે એમણે લીંબડી મુકામે પોતાનો દેહત્યાગ ક્ર્યો. પ્રભો ! એમના અમર આત્માને ચિર શાન્તિ અર્પો.

## પુણ્યશાળી શેઠ હીરજી ખેતસિંહ

Lives of great men all remind us,
We can make our lives sublime,
And departing leave behind us,
Footprints on the sands of time.

હીરજીભાઇનો જન્મ સંવત ૧૯૪૪ના આશ્વિન માસની શુક્લ પક્ષની પૂર્ણિમાએ થયો હતો તે દિવસે ગ્રહણ હતું. અને જે રીતે ગ્રહણની મુક્તિ થતાં ચંદ્ર પોતાનાં શિતળ કિરણો જગત પર ફેલાવી શાંતિ પ્રસરાવે

છે તે પ્રમાણેજ હીરજીભાઇની ગર્ભ મુક્તિ થતાજ એમનાં પૂણ્યતેજ પ્રગટી નીકળ્યો. અને એમના પુનિત પગલે સોજપાળ ખેતસિંહની કું ને ભારે લાભ થયો.

બાલ્યાવસ્થામાં હીરજીભાઇ એમના કાકા શેઠ હેમરાજ ભાઇનાં સહવાસમાં રહેતા. એ કુશળ કાકાની કુશળતા તેઓના હાથે શિક્ષણ પામી પોતે મેળવી લીધી. સંવત ૧૯૫૧માં તેઓએ પોતાનો વિદ્યાભ્યાસ શરૂ ક્ર્યો, અભ્યાસમાં ઘણીજ નિપુણતા બતાવી વર્ગનાં બાળકો સાથે વર્ગની પરીક્ષા સારે નંબરે પાસ કરી રજાના સમયમાં બીજા વર્ગનો અભ્યાસ પણ કરી ત્રીજા વર્ગમાં દાખલ થતાં ગુજરાતી છઠ્ઠી ચોપડી સુધીનો અભ્યાસ તેમણે કચ્છ સુથરીની સરકારી શાળામાં ક્ર્યો ને પછી તેઓ હાઇસ્કુલનો અભ્યાસ પુરો કરી સેન્ટ ઝેવીયર્સ કોલેજમાં દાખલ થયા કોઇપણ પરીક્ષામાં તેઓ નિષ્ફળ નિવડ્યા હોય તેવું જણાયું નથી. શાળાનું વાચન પુરૂં કરી તેઓ સંતોષ પામતા નહિ. પણ બહારનાં પુસ્તકો મોડી રાત સુધી વાંચી જ્ઞાન અને ગમ્મત મેળવતા. નાનપણથીજ તેમને વિદ્યા સંપાદન કરવાનો છંદ લાગેલો હતો. એટલુંજ નહિ પરન્તુ જ્યાં જ્યાં પોતે મદદ કરી શકે ત્યાં ત્યાં પોતાને દર માસે મલતા રૂપિયામાંથી તેમજ પોતાના અગત મિત્રો પાસેથી એકઠા કરેલા રૂપિયામાંથી વિદ્યા પ્રસારાર્થે ઉપયોગમાં લેતા. આવી રીતે તેઓએ અનેક વાર સુથરીની શાળા માટે મદદ મોકલાવી હતી.

હીરજીભાઇએ સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં પ્રિવિયસ સુધી અભ્યાસ ક્ર્યો તે દરમ્યાન તેમજ તે પછી પણ તેઓએ અનેક વિદ્યાર્થીઓને હરકોઇ રીતે મદદ કરી હતી. તેમજ ઘણાએ દેશ ભાઇઓને ઉચ્ચ શિક્ષણાર્થે પરદેશ જવાની ગોઠવણ કરી આપી હતા. ઘણો્ પરદેશી બંધુઓને પણ આર્થિક સહાય કરી હતી.

તેમનાં લગ્ન બે વખત થયાં હતાં, પ્રથમની પત્નિ વડે તેમને એક પુત્રી સ્વ. ચંદનબાઇ તથા બીજી વારનાં પત્નિથી એક પુત્ર હીરાચંદની પ્રાપ્તી થઇ હતી.

તેઓને વ્યાપારમાં જોડાવાને હજુ તો થોડો વખત થયો ન હોતા ત્યાં તેના રૂના ખેલામાં ઝંપલાવવું પડ્યું, અથાગ મહેનત કરી તેમણે ખેલો પાર ઉતાર્યો અને ‘‘ખરી જાત મહેનતથીજ ધંધો થાય છે’’ એનો પૂરેપૂરો અનુભવ લીધો. તેઓની દૂરદેશી અને કાબેલિયત ધંધાના બહોળા ક્ષેત્રમાં સ્પષ્ટ દેખાઇ આવે છે.

જાપાનની મુસાફરીનો ઝાંખો અનુભવ તેમને વ્યાપારાર્થે ઘણોજ ઉપયોગી નિવડ્યો, જાપાનમાં જઇ તેમણે આડતીઆઓની ઘણીજ સારી સગવડતા અને મહેરબાની મેળવી લીધી. દેશ દેશાવરોમાં પણ મુસાફરી કરી એઓએ અનેક મિત્રો મેળવ્યા હતા.

સારા સારા વિદ્વાનો તેમજ ધનાઢ્યો એમના સહવાસ માટે આતુર હતા. અને તેનો લાભ મળતાં અભિમાન ધરાવતા. કાઠિયાવાડના ન્હાના મોટા રજવાડાઓ સહુ કોઇ એમના અંગત મિત્રો હતા. અને તેમની સાથે નિકટનો સંબંધ રાખતા. તેમાંના પાલણપુરના નવાબ તાલેમહમદખાન, વડોદરાના કુંવર સ્વ. જયસિંહરાવ, પોરબંદરના રાણા નટવરસિંહજી અને લીંબડીના યુવરાજ દિગ્વિજયજી સાથે કુટુંબ જેવો વહિવટ હતો. તેઓ અનેક વિદ્યાવિલાસીઓ સાથે વાદવિવાદ કરતા અને આર્થિક સહાય પણ કરતા.

‘‘બાપ તેવા બેટા’’એ સૂત્ર અક્ષરે અક્ષર સિદ્ધ કરવા હીરજીભાઇએ પણ અનેક પ્રત્યક્ષ અને પરોક્ષ સખાવતો કરી છે, પુનાના શ્રી ભાંડારકર ઓરિયેન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટની લાયબ્રેરીને રૂા.૨૫૦૦૦ની નાદર રકમ ભેટ કરી તેઓશ્રીએ વિદ્યાભિલાસી હોવાનો પોતાનો દાવો સિદ્ધ કરી બતાવ્યો હતો.

તેઓએ જૈન કોન્ફરન્સના તરીકે કેટલોક વખત બાહોશીથી કામ કરી બતાવ્યું હતું. પરન્તુ તેમના નાદુરસ્ત તબીઅતને લીધે એ પદનું પાછળથી રાજીનામું આપવું પડ્યું હતું તેઓ એક અચ્છા ઘોડેસ્વાર હતા, એટલુંજ નહિ પણ તેઓ ક્રિકેટના પણ તેટલાજ શોખિન હતા. અને તેથી તેઓ હિન્દુ જીમખાનાના પેટ્રન થયા હતા.

વધારામાં તેઓ ક્રિમેશન, ઓરિયેન્ટલ ક્લબ, રોયલ ઓશિયાટીક સોસાટી વગેરેના મેમ્બર હતા, તે ઉપરાંત શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન બોર્ડિંગ સ્કુલના ટ્રસ્ટી તરીકે કામ કરી અન્ય લક્ષ્મીપુત્રોને સેવા કાર્યનો દાખલો બેસાડ્યો છે. સઘલા જાહેર કાર્યો તેઓ સેવા ભાવેજ કરતા.

તેમની છેલ્લી યુરોપની મુસાફરી ઘણી મોટી આશાથી અને ઉમંગથી થશે એવી પ્રબળ ધારણા હતી. પરન્તુ દુર્ભાગ્યે દુનિયાની અવલ નંબરની મનાતી પણ તેમને માટે પ્રાણઘાતક થઇ પડેલી પારિસ નગરીમાં પહોંચતા માંદગીના સખ્ત પંજામાં સપડાઇ પથારી વશ થયા. થોડા દિવસની પીડા ભોગવી તેઓ આ અસાર સંસારને ત્યાગી પોતાની મુસાફરી પૂર્ણ કરી પરલોક વાસી થયા. તારીખ ૧૬.૭.૧૯૨૦ના રોજ જ્ઞાતિનો એક પરોપકારી, વિદ્યોત્તેજક વ્યાપારી હીરો સદાને માટે ઝળકતા બંધ થઇ ગયો. ૩૪ ચોત્રીસ વર્ષની ટુંકી પણ ઝળહલતી કારકીર્દિનો અંત આવવાતી જ્ઞાતિને તેમજ વ્યાપારી વર્ગને ભારે ખોટ ગઇ છે. પ્રભો ! એમના આત્માને શાન્તિ અર્પો !! એજ શુભેચ્છા.

## સખી હૃદયી શેઠ હેમરાજ ખીયશી

**Honour and shame from no condition rise**
**Act well your part and there the honour**

સંવત ૧૯૧૭ ની સાલમાં એક ભવ્ય અને ખુશનુમા

શેઠ ખીયશી ભાઇના સૌથી ન્હાના પુત્ર હેમરાજ ભાઇનો જન્મ તેઓ બાળ રવિની માફક વૃદ્ધી પામતા ગયા અને કેટલાંક એક પ્રાર્થી કાર્યો કરી ગયા. ન્હાની ઉમરમાં થોડો ઘણો અભ્યાસ કરી રહ્યા પછી વ્યવહાર ક્ષેત્રમાં તેમણે ઝંપલાવ્યું, તેમને જોતાજ કોઇ પણ વ્યક્તિ એટલું તો જરૂર કહી શકે કે તેઓ દેખાવે સાદા અને પોતાને માટે માન ઉત્પન્ન કરાવે એવા લાગતા. તેમનું હૃદય દીનના દુઃખે દુઃખી થઇ દ્રવતું હતું અને તેટલાજ માટે તેઓ પોતાથી બનતી આર્થિક સહાય છુટથી કરી છે. જે નીચેની સખાવતોથી જણાઇ આવશે, તેઓએ પાલીતાણા બોર્ડિંગને સારી જેવી રકમ નિરાશ્રીત ફંડમાં રૂા.૨૫,૦૦૦) પાલીતણાની હોનારત વખતે રૂા.૫,૦૦૦) એક દમ કાઢી આપ્યા હતા. તથા તેમના મોટાભાઇ ખેતસિંહ શેઠની સાથે દરેક સખાવતમાં પોતે પણ હિસ્સો આપી અનુપમ લ્હાવો લીધો હતો. મુંબઇની શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન બોર્ડિંગ સ્કુલને પણ એક સારી જેવી રકમ અર્પણ કરી હતી તથા જ્ઞાતિના ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓને તેઓ ખાનગી મદદ આપતા. તદુપરાંત તેઓશ્રીએ કચ્છના સંવત ૧૯૮૦ના દુષ્કાળ પ્રસંગે કચ્છી બંધુઓ તથા મુંગા પ્રાણીઓની સહાયાર્થે રૂા.૧,૦૦,૦૦૦) થી વધુ રકમ ખર્ચી પોતાની સખાવતોમાં ઉમેરો કર્યો હતો. જેટલા તેઓ સખાવતે બહાદુર હતા, તેટલાજ તેઓ વ્યવહારદક્ષ હતા. તેમની આખી જીંદગીમાં ઘણા સફળ કાર્યો કરી, અંતે વાનપ્રસ્થાશ્રમ જેવું જીવન ગાળી ૬૩ વર્ષની વયે આ સંસાર ક્ષેત્રની યાત્રા પુરી કરી તેઓ પરલોકવાસી થયા. પ્રભો એમના આત્માને શાંતિ બક્ષો !

આવી રીતે નરપાણી કુટુંબના નબીરાઓના જીવનની નોંધ લઇ તેમના ચિરંજીવ વિદ્યમાન વારસો પોતાના વડીલોના પગલે ચાલી સદ્‌ગત વડીલોએ કીર્તિના નાખેલ પાયાને વધારે સુદ્રઢ કરી ભવિષ્યમાં તેઓ વિશેષ યશસ્વી નિવડે અને જ્ઞાતિ, દેશ અને ધર્મની સેવા કરવા ભાગ્યશાળી થાય એવું હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું તેમજ જ્ઞાતિના અન્ય અગ્રેસરો આ નરવીરોના પગલે ચાલી જ્ઞાતિ, દેશ અને ધર્મની સેવામાં ઓતપ્રોત થાય તોજ આ લેખ લખવાનો મારો આશય જળવાશે. ઇતિ શુભમ્.

**– ચંદ્રસેન મોમાયા**


**લગ્ન સંબંધી**

મુંબઇ સ્થિત 72 Born, ઉં. 5'-8", B.com, કુંવારા, નાનું ફેમિલી પોતાનો બિઝનેશ ધરાવતા યુવકને કુંવારી/ ડીવોર્સી/ વિધવા ભણેલી તથા સારી જોબ ધરાવતી કન્યાનાં વડીલ સંપર્ક કરે. (જન્માક્ષર માં માનીએ છીએ) પસંદગીના પાત્રમાં બાંધછોડ શક્ય.
ફોનઃ 9833240493 • manish.shah2012@yahoo.in




## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૩૩)

**– સોમ ધરમશી** (કચ્છ)

***મુરઝાય મ મંન, હી મિડે રંગ અંઇ રુતેંજા***
***જિતા ખરેઆ અંઇ પંન, તિતે કુંપરું એ ફુટનીયું***

**શબ્દાર્થ :** મુરઝાય - કરમાવું, રુતેજા - ઋતુનાં, ખરેઆ - ખરવું, કુંપરું - કુંપળો

**ભાવાર્થ :** કવિ તેજની કવિતામાંથી પસાર થઇએ તો આ કવિ સૃષ્ટિનો, કુદરતનો દિવાનો તો લાગે જ પણ તેની દિવાનગી પાછળ છુપાયેલા મર્મનો તાગ લેવા એની કવિતા પાસે ઘડીક વિરામ લેવો પડે, કવિતા મનમાં મમળાવવી પડે. જીવન જીવવાની સામાન્ય બાબતોને કોઇ સલાહરૂપે આપણી પાસે રજુ કરે તો તે આપણને કઠે, પણ કુદરતનાં કરિશ્માનો ઓપ ચડાવી રજુ કરે તો એ વાત હૃદય સોંસરી ઉતરી જાય.

કવિ આ પંક્તિ દ્વારા, કુદરતનાં ચાલતા ચક્ર જોઇને નિરાશ થનાર માનવીને સાંત્વના આપતા કુદરતનો ધારો (નિયમ) સમજાવે છે. આ સંસારમાં સુખ પછી દુઃખ, અને દુઃખ પછી સુખને વત્તે ઓછે અંશે વારાફરતી ચક્ર ચાલતું જ રહે છે.

કવિશ્રી પાનને ખરી પડતાં જોઇ ભાવિકને શોકમગ્ન થવાનાં બદલે હૈયાધારણા આપે છે કે ખરી પડેલ જગ્યાએ નવી કુંપળો આવશે જે પાનમાં વિકસીત થશે. જન્મ અને મરણનાં ફેરા અવિરતપણે ચાલતાં જ રહેવાનાં. ખરતા પાનને જોઇ આશ્વાસન આપતાં કવિ ભક્ત કવિ નરસિંહ મહેતાના વિખ્યાત પદોને યાદ કરી લે છે ''સુખ દુખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં ટાળ્યા તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં''

જગત પરિવર્તનશીલ છે, સ્થાયી નથી, બદલાવ તો આવવાના અને જવાના ક્યાંક થોડાક તો ક્યાંક અપરંપાર, આ ખરતાં પાન જોઇ હતાશ થઇ શોકમગ્ન થવાનું નથી પણ સંજોગ સાથે સમાધાન કરી નવી આવનારી કુંપળની રાહ જોઇ આગેકદમ માંડવાના છે.

જીવનમાં નવસર્જનની પ્રક્રિયાને ચાલુ રાખવા વિસર્જન જરૂરી છે તેથી કવિશ્રી હરીન્દ્ર દવેની ગઝલની આ પંક્તિ યાદ આવ્યા વિના રહે નહીં.

***''આપણે ક્યાં છે મમત, એક જગાએ રહીએ***
***માર્ગ માગે છે ઘણાં, ચાલને ખસતાં જઇએ''***


શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**

॥ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-સુથરી

સુજ્ઞ ગામવાસી જ્ઞાતિજનો અને નીયાણીબેનો જોગ,

આપણા પરમ પુણ્યોદયે પ.પૂ. અચલગચ્છાધિપતી શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની અસીમ કૃપાએ તેમના આજ્ઞાવર્તીની પ.પૂ. ચંદ્રયશાશ્રીજી મ.સા.ના **સુશિષ્યા પ.પૂ. મહાયશાશ્રીજી મ.સા.**નું ચાતુર્માસ સુથરીને પ્રાપ્ત થયેલ છે. તેમનો મંગલમય ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ પને **૧૨ જુલાઈ ૨૦૧૩**ને શુક્રવારે સવારના ૯ કલાકે થશે. આ પ્રસંગે પધારવા સર્વેને સપ્રેમ આમંત્રણ છે. તેમના પ્રવેશ પ્રસંગે સવારના નવકારશી અને બપોરના સાધર્મિક ભક્તિ **માતુશ્રી ઝમકુબાઈ પદમશી લોડાયા** પરિવાર તરફથી રહેશે જેનો લાભ આપવા સૌને વિનંતી છે. પૂજ્યશ્રીના પ્રવેશથી અથવા અષાઢી પૂનમથી જેમને પણ સુથરી મુકામે ચાતુર્માસ કરવાની ભાવના હોય તેમને પણ પધારવા સપ્રેમ નિમંત્રણ છે. કોઈપણ શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજન ચાતુર્માસ પ્રસંગે સુથરી પધારવાની ભાવના રાખતો હોય તેની તપશ્ચર્યા તથા રહેવા આદિની સર્વે વ્યવસ્થા શ્રી સુથરી સંઘ તરફથી કરવામાં આવશે. ચાતુર્માસાર્થે પધારનાર પ્રત્યેક આરાધકની ટીકીટનો ખર્ચ પણ શ્રી સુથરી સંઘ ભોગવશે. ચાતુર્માસ દરમ્યાન આરાધના કરનારની સાધર્મિક ભક્તિ **શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર** તરફથી રહેશે.

પુજ્યશ્રીની નિશ્રામાં સોમવાર તા.૨.૯.૨૦૧૩ શ્રાવણ વદ ૧૩ થી મંગળવાર તા.૧૦.૯.૨૦૧૩ ભાદરવા સુદ ૬ સુધી પર્યુષણ પર્વ હર્ષઉલ્લાસથી ઉજવવામાં આવશે. સંઘના જે ભાઈ-બહેનોને ચાતુર્માસ માટે આવવાનું ન થતું હોય તેમને ખાસ પર્યુષણ પર્વ ઉજવવા સુથરી આવવાનું નિમંત્રણ છે.

**નિમંત્રક**

**શ્રી સુથરી જૈન સંઘ**


SRILANKA - MALDIVES • HONGKONG - MACAU •

EGYPT • CHINA • BHUTAN • NEPAL

SOUTH AFRICA - KENYA • MAURITITUS

Sp. Discount for KDO Upto 15.7.13

**Free Shikharji OR Kerala Tour**

**FAR EAST**

9N/10 D

Rs.39,999/- + $ 999 All Inclusive

Dep. 30.10.13, 20.12.13

Thailand • Singapore • Malaysia

Pattaya • Bangkok

Genting • Kualaampur

All 3 Countries Jain Temples

**Rs. 2500/-**

**DUBAI**

4 N/5 D

Rs. 19,999/- + $ 499 All inclusive

.Dep. 29.09.13, 5.11.13, 24.12.13

- Dhow cruise with Bally dance
- Desert Safari with dinner
- Snow Park Deira city Centre
- City tour with fountain,

Museum, Burjkhalifa, Al-arab, Monorail, Zumeria Mosque, Golf Club, Gold souk Market

Pioneer in Modern Pilgrimage Tours®

TAN MAN TOUR & TRAVELS

H.O. 19/20, Bhujbal Niwas, opp. Bharat Bank, J.N.Road, Mulund (W), Mumbai 400 080.

Contact : 9323360708 / 25903514-5-6

www.tanmantourandtravels.com • E-mail : tanmantravels@yahoo.co.in

॥ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ

C/o.નરેન્દ્ર શામજી દંડ. ૧૬, શાંતિભુવન, ત્રીજે માળે, મેકડોનાલ્ડની ઊપર, રેલ્વે સ્ટેશન સામે, મુલુન્ડ (વે), મુંબઇ-૯૦. ફોન : **25647572**

## હાલો... માદરે વતન ચાતુર્માસ તથા પર્યુષણ આરાધના કરવા...

**શ્રી તેરા, કુવાપધર, લાખણીયા તથા ધુફી ગામના ભાઇ-બહેનો જોગ,**

**જય જીરાવલ્લા, જય શામળીયા**

સંઘના પૂણ્યોદયે અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આદેશથી, તેમના આજ્ઞાવર્તિની પૂ.વિદુષી સા.શ્રી પુષ્પાશ્રીજી મ.સા.ના સુશીષ્યા પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રાનો લાભ આપણને મળેલ છે. (પૂ.મ.સા.નો ચાતુર્માસ તથા પર્યુષણ આરાધના માટે શ્રી તેરા-કચ્છ ખાતે પધારવા ખાસ આમંત્રણ આપીએ છીએ. આશા છે કે આપ બહોળી સંખ્યામાં માદરે વતનમાં આવો લાભ લેવાની તક ઝડપી લેશોજ.

આ વર્ષે આપણ પર્યુષણ પર્વ ઉજવવા સંઘના નેજા હેઠળ **તા.૩૧.૮.૧૩**ના મુંબઇથી પ્રયાણ કરશું. પર્યુષણમાં તેરા આવવા માટેનો નકરો રૂા.૫૦૦/- (રૂપીયા પાંચસો પૂરા) વ્યક્તિ દિઠ રાખેલ છે (જેમાં મુંબઇથી-ભુજનું એક તરફનું ખર્ચ સામેલ છે). પર્યુષણ માટે આપના નામ મોડામાં મોડા **તા.૨૯.૦૬.૧૩**સુધી આવી જાય તેમ કરશોજી. (ટિકિટો હવે ૬૦ દિવસ અગાઉથી કઢાવવી પડે છે.) પાછા આવવાની રીટર્ન ટિકિટની વ્યવસ્થા સહુએ પોતાની રીતે કરવાની રહેશે. રેલ્વેના કાયદા મુજબ હવે દરેક વ્યક્તિ પાસે પ્રવાસ દરમ્યાન ઓરીજીનલ ઓળખપત્ર હોવું જરૂરી છે અને એમાં જે પ્રમાણે નામ હોય તે મુજબ જ આપના નામ કાર્યાલય અથવા નજીકના એરીયામાંના કાર્યકર્તા પાસે નોંધાવશોજી.

તો ચાલો, આપણે સર્વે મળીને ધર્મ આરાધના કરી કષાયોનો નાશ કરીએ અને કચ્છના રમણીય વાતાવરણમાં પૂ. ગુરૂ ભગવંતોની નિશ્રામાં અમૃતવાણીનું રસપાન કરી કૃતાર્થ થઇએ...

**શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘના જય જિનેન્દ્ર**

નોંધ : (૧) ચોરય ગામની નીયાણી બહેનોને પણ પરિવારસહ **તેરા** પધારવા ખાસ આમંત્રણ છે. (૨) નામ ફોન દ્વારા પણ નોંધાવી શકાશે પણ પછી તરતજ પૈસા ભરી જવા વિનંતી. (૩) એકવાર નામ લખાવ્યા પછી કેન્સલ કરશો તો રીફંડ મલશે નહિ.

**❋ પર્યુષણ પ્રારંભ : તા.૨.૯.૧૩ને ❋ પર્યુષણ સમાપ્ત : તા.૧૦.૯.૧૩ ❋ મંગળવાર-છઠ્ઠુપારણાં**

---

॥ શ્રી મોમાય માતાય નમઃ ॥

## દલતુંગી ડાઘા પરિવારનું ગૌરવ



**ડૉ. ચિ. ઉર્જા સંજય મણીલાલ ડાઘા**
**70% Physiotherapy (B. PTH)**

### *Heartly Congratulations*

કુળદેવી મોમાય માતા અને સરસ્વતી માતાની અસીમ કૃપાથી તેં તારા લક્ષને પ્રાપ્ત કર્યુ છે. ઉર્જા તેં તારા મજબૂત મનોબળને પરિશ્રમથી સાબિત કરી આપ્યું છું કે, **અડ્ગ મનના માનવીને હિમાચલ પણ નડતો નથી.** તારી માટે આજે તારો પરિવાર ગર્વ અનુભવે છે. આમજ ઉત્તરોઉત્તર પ્રગતિ કરતી રહે અને સફળતાના શિખર સર કરતી રહે એજ અંતરના શુભાશિષ.

ઉચ્ચ અભ્યાસ માટે U.S.A. Boston માં .MGH. University of Health Science માટે જઇ રહી છે. Wish you Best of Luck.

માનવતાના મસીહા જેવું પ્રાપ્ત કર્યું ડૉક્ટરનું નામ
સેવાકાર્યને સાર્થક કરજે એજ અંતરના અરમાન....

**અભિનંદન... અભિનંદન... અભિનંદન...**

### શુભ આશીષ

દાદી-દાદા : **વિજયાબેન મણીલાલ ખીમજી ડાઘા (દલતુંગી-ગોરેગામ)**
નાની-નાના : **મોંધીબેન મોતીલાલ ગડા (લાકડીયા-ગોરેગામ)**
માતા-પિતા : **ચેતના સંજય મણીલાલ ડાઘા**
કાકી-કાકા : **દીપા નીકુંજ અને ચાંદની મનોજ ડાઘા**
ફઇ-ફુઆ : **પારૂલ પંકજ રામજી દંડ (ભરૂડીયા-ઉદયપુર)**
ભાઇ-બહેન : **જય, સિધ્ધાર્થ, ભાવેશ, રોનક, ઝલક અને નિધિ**



# શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર
# શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય-ઘાટકોપર

## વિદ્યાર્થીગૃહ તથા કન્યાછાત્રાલયનું ગૌરવ

### એચ.એસ.સી. / એસ.એસ.સીમાં ઉત્તીર્ણ છાત્ર-છાત્રાઓને અભિનંદન

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ના એચ.એસ.સી. અને એસ.એસ.સીમાં દરેક છાત્રા/છાત્રાઓ ઉત્તીર્ણ થતાં**

વિદ્યાર્થીગૃહ તથા કન્યાછાત્રાલયનું પરિણામ 100% આવેલ છે. એચ.એસ.સી /એસ.એસ.સીમાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન

### ધોરણ ૧૨ (એચ.એસ.સી)


મિતેશ જયેશ ખોના 82%


સિધ્ધાર્થ મયુર ખોના 70%


ધવલ અનીલ લોડાયા 68%


ઉર્મિલ ધનપતિ રતાણી 60%


પ્રણય ભરત મોમાયા 55%


ઉમંગ વિમલેશ માલદે 48%

### શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યાછાત્રાલય





હિરલ કિશોર ખોના (59%)

### ધોરણ ૧૦ (એસ.એસ.સી) : શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ





હેમ કમલેશ ખોના (65%)

### શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યાછાત્રાલય


માનસી નરેન્દ્ર દંડ (71%)




નિશા નરેન્દ્ર ઘરમશી (62%)

ઉત્તીર્ણ થયેલ દરેક છાત્ર/છાત્રાઓને તેમની સફળતા બદલ ટ્રસ્ટીઓ, અધિકારીઓ, સ્ટાફ તથા વિદ્યાર્થીગૃહ અને કન્યાછાત્રાલયના સર્વે વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓનાં **ખૂબ ખૂબ અભિનંદન.....**

# મરમના મલકમાં : તપ ( ભાગ : ૪ )

**(ગતાંકથી ચાલુ....)** ભગવાન મહાવીરે પણ જેમાં માત્ર શરીરને કષ્ટ આપવામાં આવતું હોય એવા તપને મિથ્યા તપ કહી એની નિરર્થકતા બતાવી છે. શાસ્ત્રમાં તામલી તાપસ અને પુરણ તાપસના દાખલા છે. ભગવાન મહાવીરે એમના તપને મિથ્યા કહ્યું છે. તો એક પ્રા ઊભો થાય છે કે ભગવાન મહાવીરે ભગવાન પણ ઉગ્ર તપ કર્યું હતું તો ભગવાન મહાવીરે કરેલું ઉગ્ર તપ સાચું અને તામલી તાપસ અને પુરણ તાપસનું ઉગ્ર તપ મિથ્યા છે? શું ભગવાન મહાવીર પક્ષપાતી હતા? જવાબ છે - ના.

ભગવાન મહાવીરે એક યુગકાર્ય કરવાનું હતું. ભગવાન મહાવીરના શિષ્યોમાં મુખ્યત્વે રાજા-મહારાજાઓ, શ્રેષ્ઠીઓ અને ધનવાનો હતા. એઓ બધા અપાર ભોગવિલાસમાં જીવતા હતા. ઉપાસકદશાંગ નામના આગમસૂકદશાંગ નામના આગમસૂત્રમાં ભગવાન મહાવીરની ખૂબ જ નિકટના દશ શ્રાવકોનાં વર્ણનો છે. આ દશ શ્રાવકોમાં એક શ્રાવકનું નામ આનંદશ્રાવક હતું. આનંદશ્રાવકની સમૃધ્દ્ધિનું વર્ણન અને એની જીવનશૈલીનું વર્ણન વાંચીએ તો આજના અબજપતિની જીવનશૈલી પણ ફિક્કી લાગે એવું જીવન આનંદશ્રાવક જીવતા હતા. ભગવાન મહાવીરે આવા રાજાઓ અને શ્રેષ્ઠીઓને ધર્મ પમાડવાનો હતો. મેદસ્વી શરીરવાળી વ્યક્તી ડોક્ટર પાસે જાય તો ડોક્ટર પહેલાં એને વજન ઘટાડવાની સલાહ આપે અને કહે કે વજન ઘટવાને કારણે શરીરને લગતી ઘણી સમસ્યાઓ ઉકેલાઈ જાશે. ગુણવંત શાહના શબ્દોમાં કહું તો પહેલાંના જમાનામાં ધનવાન માટે ખાધેપીધે સુખી શબ્દ વપરાતો હતો. આજના જમાનામાં ધનવાન માટે ખાધેપીધે દુઃખી શબ્દ વાપરી શકાય કારણ કે લગભગ ધનવાનો મિઠાઈ, તળેલી વાનગી, ઘી, આઈસ્ક્રીમ આદિનો વપરાશ કરતા હોતા નથી. જેમ દિવાલ ઉપર રંગ લગાડવાનો હોય તો દિવાલને પહેલાં ઘસી લીસી કરવી પડે, તો જ દિવાલ ઉપર સારી રીતે રંગ લાગી શકે છે. રાજાઓ અને શ્રેષ્ઠીઓ માટે પહેલો ધર્મ આહારસંયમ, શરીરસંયમ (વ્યાયામ) અને ઈન્દ્રિયસંયમ હતો. એમના શરીરને મનઃસયંમ (વ્યાયામ) અને ઈન્દ્રિયસંયમ આવી જાય પછી જ એમને ચિત્તશુધ્દીનો માર્ગ (મનઃસંયમનો માર્ગ) બતાવવાનો હતો.

ભગવાન મહાવીરે આવા રાજાઓ અને શ્રેષ્ઠીઓ ઉપર દાખલો બેસાડવા પોતે ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. ભગવાન મહાવીરે ઉગ્ર તપશ્ચર્યા પોતાના ચિત્તની શુધ્દી માટે નહીં પણ જગતના જીવો પ્રત્યેની કરૂણાને કારણે એક દાખલો બેસાડવા માટે કરી હતી. જેથી રાજાઓ અને શ્રેષ્ઠીઓને થાય કે ધર્મમાર્ગ ઉપર ચાલવા માટે ઉગ્ર તપશ્ચર્યા જરૂરી છે. ભગવાન મહાવીરે પોતાના ચિત્તની શુદ્ધિ તો ધ્યાન અને કાઉસગ્ગ દ્વારા જ કરી હતી.

ભગવાન મહાવીરનું તપ એટલે ચિત્તશુદ્ધિનું વિજ્ઞાન, લાંઘણ નહીં. ષડ્ આવશ્યક અને ૧૨ પ્રકારનું તપ એ ભગવાન મહાવીરે દર્શાવેલો સાધનામાર્ગ છે. દરરોજ કરવાની ક્રિયાને ષડ્આવશ્યક કહે છે. સામાન્ય રીતે ષડ્ આવશ્યકને **પ્રતિક્રમણ** કહે છે.

તિથિના દિવસોમાં કરવાની પ્રવૃત્તિને ૧૨ પ્રકારનું તપ કહે છે. સામાન્ય રીતે મહિનામાં ચાર દિવસ તપ કરવા માટેના હોય છે. (૧) બે આઠમ (સુદ પક્ષ અને વદ પક્ષ) (૨) બે ચૌદશ (સુદ પક્ષ અને વદ પક્ષ) અથવા બે પાંખી (પુનમ અને અમાસ) (૩) પર્યુષણના આઠ દિવસ.

સામાન્ય રીતે અઠવાડીયામાં એક દિવસ તપ કરવા માટેનો હોય છે. જેમ આપણે અઠવાડિયામાં એક દિવસ રજાના દિવસે ફરવા જઈએ અને હળવાશ અનુભવીએ એમ અઠવાડિયામાં એક દિવસ તપ કરીએ અને સાથે સાથે ષડ્આવશ્યક દરરોજ કરીએ તો કર્મના ભારથી આપણે ચોક્કસ હળવા થઈ જઈએ.

**બાર પ્રકારનાં તપના બે ભાગ છે.**

૧. અનશન, ૨. ઉણોદરી, ૩. રસ પરિત્યાગ, ૪. દ્રવ્યસંક્ષેપ, ૫. કાયકલેશ, ૬. સંલિનતા,

**છ પ્રકારનાં અભ્યંતરતપનાં**

૧. પશ્ચાતાપ, ૨. વિનય, ૩. વૈયાવચ્છ, ૪.સ્વાધ્યાય ૫. ધ્યાન, ૬. કાયોત્સર્ગ.

આ બાર પ્રકારનાં તપના નામમાં ક્યાંય ઉપવાસ શબ્દ નથી. આ બાર પ્રકારનું તપ મળીને ઉપવાસ થાય છે.

**- ક્રમશ :**

**- સુરેશ ગાલાના 'મરમનો મલક' પુસ્તકમાંથી સાભાર**

**- સાર સંક્ષેપ - ચંદ્રસેન મોમાયા**


K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676
લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ
રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ
તથા નેકલેસનું આકર્ષક કલેક્શન


## SHREE KDO JAIN MUMBAI MIDTOWN SANGH, MATUNGA

**We have Organised following important Programs for KDO Community Boys and girls.**

**1) Saturday :** 13th July 13, 2.30 to 5.30 pm Seminar on Computers, Web Development & Blogging by DKO Expert Mr.s Rushabh Gosar (B.E. Computer Engg.) Please Bring your Laptop & Participate.

**Venue :** Pa.. Pa.. Pagli Hall, Opp. Andhra Bank, Devdhar Road, Matunga, Mumbai - 19. Free for Members But Deposit of Rs.100% Other Rs.100/-

**Sat/Sunday :** 20th & 21st July 2013, Time 2pm to 7pm Two day Karate - Self se Defencs Training Program by Expert Venue Matunga / Wadala for Members Rs.200/- Forthers Rs.500/- Please Register your Name with Deposit / Fees with Ratilalbhai - 9833119477, Ashokbhai-9821144324, Before 1.7.2013.

## નાગડા પરિવારનું ગૌરવ

### હાર્દિક અભિનંદન



**ચિ. નિમીત સતીશ નાગડા** (પરજાઉ-તીરૂપુર))
S.S.L.C. **માં** 93.4% **માર્કસથી ઉત્તીર્ણ થઇ**
**અમારા પરિવારનું ગૌરવ વધારેલ છે.**

**અમી આશિર્વાદ**

**દાદા-દાદી** : સૌ. પુષ્પાવંતી હંસરાજ નાગડા (તીરૂપુર)
**નાના-નાની** : ગં.સ્વ. મણીબાઇ માણેકજી લોડાયા (કોચીન)
**મમ્મી-પપ્પા** : સૌ. સ્મિતા સતીશ નાગડા (તીરૂપુર)
**કાકા** : પ્રતાપ હંસરાજ નાગડા (તીરૂપુર)
**ભાઇ** : રાહુલ સતીશ નાગડા (B.Sc)
**કુઇ-કુઆ** : સૌ. પ્રીતા પરેશ મોતા (કોચીન)

**એવમ સમસ્ત નાગડા પરિવાર**


## SHREE K.D.O. JAIN SARVODAYA MANDAL

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ

આયોજીત



# સીંગાપોર ટુર



### ૬ રાત્રિ ૭ દિવસ પેકેજ

**: પ્રસ્થાન :** તા. ૯-૮-૧૩, ગુરૂવાર

**જુજ સીટો બાકી**

**: ટુર કોસ્ટ :** રૂા. ૧,૦૫,૦૦૦ (પ્રતિ વ્યક્તિ)

**મુંબઇ થી મુંબઇ બધા જ ખર્ચ સામેલ • સીંગાપોર એરવેઝ (ઇકોનોમીક કલાસ)**

- ✧ ૫ સ્ટાર હોટલ્સ
- ✧ ગુજરાતી તથા જૈન ફુડ
- ✧ ભરપુર સાઇડ સીન
- ✧ અનુભવી ટુર એસ્કોર્ટ

**જોવાલાયક તથા માણવાલાયક ભરપૂર સ્થળો**

**સીંગાપોર સીટી ટુર** · **રીવર સફારી** · **યુનીવર્સલ સ્ટુડીયો**
**નાઇટ સફારી** · **જુરોંગ બર્ડ પાર્ક** · **અન્ડરવોટર વર્લ્ડ**
**સીંગાપોર ઝુ** · **સેન્ટોસા આર્યલેન્ડ** · **ડોલ્ફીન લગુન**

**For more details contact :**
**206, Neptune Uptown, Near Rly. Stn., N.S. Rd., Mulund (W). Tel. : 2593 4545**
**Email : kuntal.khona@bubblegumtours.com**
**Bhavesh...9167994541 | Kuntal...9167994544**

## અમારા 'માતા-પિતા'ને તીર્થસ્વરૂપ આત્મા પ્રતિ નત મસ્તકે વંદન....

(ગામ : સેવક ભરૂડીયા)



પિતાશ્રી જેઠાલાલ પદમશી દંડ
તા.૪.૧૨.૧૯૯૪



માતુશ્રી નવલબેન જેઠાલાલ દંડ
તા. ૨૪.૬.૨૦૦૯

**પરિવાર જેનું મંદિર, સ્નેહ જેની શક્તિ, પરિશ્રમ જેનું કર્તવ્ય,**
**પરમાર્થ જેની ભક્તિ, એવા દિવ્ય આત્માને શત્ શત્ નમન...**

***તમારા હેતની નહોતી કોઈ હદ, સ્નેહના નહોતા કોઈ સીમાડા,***
***આશિષમાં નહોતી કોઈ અધુરાશ, કરૂણાના નહોતા કોઈ કિનારા,***
***કેમ કરીને ભુલીએ તમારા સંભારણા ?***

એવા અમારા માતા-પિતાનો આત્મા મોક્ષ ગતિ પામી, પરમ પદને પામે એજ અભ્યર્થના સાથે....

### આપના સ્મૃતિદિપને પ્રજ્વલિત રાખનાર

પુત્રવધુ-પુત્ર : **અ.સૌ. સ્મીતા દિલીપ દંડ • અ.સૌ.હીના ઉતમ દંડ**
**અ.સૌ. સુષમા ચંદ્રકાંત દંડ • અ.સૌ. રાજુલ ધીરજ દંડ**

દિકરી : **રશ્મીબેન જેઠાલાલ દંડ**

દિકરી-જમાઈ : **અ.સૌ. ઉર્મીલા શાંતિલાલ ખોના • અ.સૌ. નયના શરદચંદ્ર શીયાડ**
**અ.સૌ. સરોજ અનીલકુમાર નાગડા**

પૌત્ર-પૌત્રી : **અક્ષીતા અને મહેક ઉત્તમ દંડ • સ્વીના અને નેમીન ચંદ્રકાંત દંડ**
**મિહીર ધીરજ દંડ**

દોહિત્ર-વધુ : **નેહલ કોમલ ખોના • શીતલ કૌશલ ખોના**

દોહિત્રા : **નિખીલ અને ચિંતન શરદચંદ્ર શીયાડ**

દોહિત્રી-જમાઈ : **લેખા જિનેશ માલદે • હિનલ જીતેશ શીયાડ**

પર દોહીત્રા-દોહિત્રી : **મીત અને સિધ્ધ જીનેશ માલદે**
**વંશ અને વૃંદા કોમલ ખોના • નીલ કૌશલ ખોના**

**માતુશ્રી મોતીબેન પદમશી ખીમજી દંડ પરિવાર (સેવક ભરૂડીયા)**
**માતુશ્રી દેવકાબેન ગોવિંદજી દામજી ખોના પરિવાર (ગોરખડી)**

**MAA SACHHAI DADAR (WEST)**
**AKSHITA COLLECTION - MULUND (WEST)**
**N. J. FASHIONS MULUND (WEST)**

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સમસ્ત મહાજન દ્વારા KDO BUDS-2 શિબિર

સમસ્ત મહાજનશ્રીના ઉપક્રમે ડોંબિવલીના રવિવાર ૧૬.૬.૧૩ના સવારે ૯ થી ૫ સુધી કલ્પતરુ ભવન, સુવિધિનાથ જિનાલયે ૮ થી ૧૫ વર્ષના બાળકો માટે ધાર્મિક-વ્યવહારિક-સામાજિક સંસ્કરણ શિબિર “KDO BUDS-2” સફળતાપુર્વક યોજાઇ. આ શિબિરમાં ૯૦ બાળકોએ ભાગ લીધેલ શિબિરમાં વડોદરાથી યુવા ટીમ ખાસ કાર્યક્રમ આપવા પધારેલ. શિબિર સંચાલન શ્રી નિશિથ દંડ અને તેમની ટીમે સંભાળેલ. શિબિરના દાતા માતુશ્રી ચંપાબાઇ હંસરાજ પરબત ડાઘા પરિવાર (વરાડીયા) હ. શ્રી હીરાલાલભાઇ અને સહયોગી શ્રી નિશિથ આણંદીલાલ દંડ પરિવાર (તેરા) હતા.

આ પ્રસંગે સમસ્ત મહાજનના ડોંબિવલીના પ્રતિનિધિઓ, મંડળના કાર્યકરો અને આમંત્રિત પધારેલ. શ્રી નિશીથભાઇએ વિવિધ જ્ઞાન ગમ્મતની રમતો રમાડી બાળકોને ઉપયોગી માર્ગદર્શન કરેલ. પુનાથી પધારેલ શ્રી ડાઘાએ ધાર્મિક સંસ્કરણની સમજ આપતાં બાળકોની જિજ્ઞાસાના પ્રશ્નોના ઉતરો આપ્યા હતા. દેરાસરની મુલાકાત લઇ બાળકોને ગ્રુપમાં ધાર્મિક વ્યવહાર શીખવવામાં આવેલ. દિવસભર બાળકોએ વિવિધરીતે ગમ્મત સાથે જ્ઞાન મેળવ્યું હતું.

કુલ ૧૦ ટીમો રમીને વિવિધ હરીફાઇઓ અને પ્રશ્નોતરી દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ વધારાયું. વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ અને જ્ઞાતિ પ્રવાહમાં સંમ્મિલિત થવા સમજ અપાઇ દિવસભર આનંદ સાથે બાળકોએ ઘણું બધુ મેળવ્યું હતું. બપોરે વડોદરાની ટીમે સમાજ થકી ઘણાં લાભ થાય છે તેવી નવી પેઢીને શીખ-પ્રેરણાં આપતું રસપ્રદ નાટક પ્રસ્તુત કરેલ. પ્રશ્નોના જવાબ આપનારાને ઇનામોથી પ્રોત્સાહિત કરાયા હતા અને વિજેતા ટીમોને આકર્ષક ઇનામો અપાયા હતા. પ્રારંભે પ્રાર્થના ગીત, નૃત્ય રજુ થયેલ અને પાંજરાના બંધ કબુતર મુક્ત કરીને જીવદયાની પ્રેરણા અપાઇ હતી.

સમસ્ત મહાજને શિબિરમાં સહયોગી દાતાઓ, વડોદરા મહાજન, મેળાવો પરિવાર, અચલગચ્છ સંઘ, ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી, વિવિધ સ્પર્ધાના નિર્ણાયકો પધારેલ આમંત્રિત અને વ્યવસ્થામાં સહભાગી સર્વેનો આભાર માનેલ. આવી એક દિવસીય બાળ સંસ્કરણ શિબિરો મુંબઇ, દેશાવળ અને કચ્છમાં યોજવાની ભાવના છે. આ ઉપરાંત સમસ્ત મહાજન દ્વારા વતનની જમીન સંબંધી પ્રશ્નોમાં માર્ગદર્શન, મેડીકલ પ્રશ્ને મુંબઇ આવતા જ્ઞાતિજનો માટે સહાયરૂપ થવા માર્ગદર્શન આપવા અને લગ્ન વિચ્છેદ છુટાછેડા આદિ પ્રશ્નો માટે લવાદ પંચ વગેરે કાર્યરત છે.

સમસ્ત મહાજન પ્રકાશિત અચલગચ્છીય તિથી અને તારીખ કેલેન્ડર સર્વત્ર મોકલાયા છે જે વિસ્તારમાં ન મળ્યા હોય ત્યાં તે તે મહાજનનો સંપર્ક કરી ઘટતું કરવા જણાવાયું છે.

સમસ્ત મહાજન દ્વારા શિબિર માટે પધારેલ વડોદરા મહાજનના પ્રતિનિધિ મંડળનું તથા ધો.૯ માં અભ્યાસ કરતા ચિ. કાર્તિક મનીષ છેડા (સુજાપર)નું નાની વયે ધાર્મિક ક્ષેત્રે કર્મ ગ્રંથ, જીવવિચાર, નવતત્ત્વ સુધી અભ્યાસ કરવા બદલ વિશેષ પ્રતિભા તરીકે બહુમાન કરેલ.

## તીરૂપુર

જ્ઞાતિના અત્રે આઠ ઘર છે. ધર્મ આરાધના બધા ગચ્છનાં શ્રાવક-શ્રાવિકાઓ સાથે મળી કરે છે. ચૈત્ર માસની આયંબીલની ઓળી શ્રી કાર્તિક સોલંકી તરફથી કરાવવામાં આવેલ. નવ દિવસમાં કુલ ૧૦૮ આયંબિલ થયેલ. તપસ્વા પારણાંનો લાભ પણ તેમણે લીધેલ. મહાવીર જન્મ કલ્યાણક ધામધૂમ પૂર્વક ઉજવાયેલ. સવારનાં ભક્તામર પછી નવકારશી ત્યારબાદ સ્નાત્રપૂજા અને મહાવીરસ્વામીને છબીને રથયાત્રા રૂપે ફેરવવાની ઉછામણી થયેલ જેમાં રૂા.૧૨૦૦૦માં શ્રી હસરાજ વેરશી નાગડા પરિવારે લાભ લીધેલ. રથયાત્રા શ્રી સુવિધિનાથ દેરાસરથી નીકળી શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળમાં પૂરી થયેલ. જ્યાં સકળ સંઘનું સ્વામીવાત્સલ્ય સાધર્મિક બંધુઓ તરફથી થયેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia’s First ISO 9001:2000 Certified Gin Press

## શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલામંડળ-ગાંધીધામ

મહિલા મંડળે જ્ઞાતિછાત્રો માટે નવનીતની બુક્સનું 50% ના રાહતદરે વિતરણ કર્યું હતું. આ પ્રવૃત્તિ માટે મા.સોનબાઇ દામજી વિકમશી તરફથી રૂા.૫,૦૦૦, પ્રતિભાબેન મોતા તરફથી રૂા.૧૫૦૦, અને રોનક-જીતેન પ્રતાપ મોતા તરફથી રૂા.૧૦૦૦નો, સહયોગ મળેલ. મંડળે દાતાઓનો આભાર માનેલ. મંડળની કાર્યકર્તાઓએ આ પ્રવૃતિને સફળ બનાવી હતી.

## શ્રી ક.દ.ઓ. મહિલામંચ-ખામગાવ/શેગાંવ

મંચની મીટીંગ સૌ. વર્ષાબેન લોડાયાના અધ્યક્ષપદે ૯.૬.૧૩ના મળેલ. જેમાં સૌ અશ્વીની વિકમશીએ "મેન્ગો જેલી" તેમજ નવા જમાનાને અનુરૂપ ઇન્સટન્ટ રેસીપી, મહેમાન આવવાના હોય તો પૂર્વ તૈયારીરૂપે અને હોસ્ટેલમાં ભણતાં છોકરાઓને પણ આપી શકીએ એવી વાનગી જલ્દીથી કેમ બનાવવી તે સરસ રીતે બતાવેલ. સૌ. વનિતા ગોહેલે પણ મેથી અને કેરીનું સ્વાદીષ્ટ અથાણું શીખવાડેલ. રવાનાં ઢોકળા બનાવવાની ટીપ્સ આપેલ. શેત્રુંજય સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમમાં સારા ગુણાંકે પાસ થનાર સૌ. સોનલ મૈશેરી (શેગાંવ), સૌ. કુંજન લોડાયા અને સૌ. અમી વિકમશીને અભિનંદન આપી વધાવેલ. કાર્યક્રમનું સંચાલન સૌ. વિદ્યાબેન મૈશેરી (શેગાંવ) અને આભાર પ્રદર્શન સૌ. વર્ષા લોડાયાએ કરેલ આગામી પ્રવૃતિની ચર્ચા થઇ. મેંગોજેલી અને અથાણાંના સ્વાદ માણી છુટા પડ્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સોલાપુર

મહાજનશ્રીની વાર્ષિક સભા ૯.૬.૧૩ના રાખેલ. પ્રમુખથી મણિલાલભાઇ વિકમશી, ત્રિલોકચંદભાઇ લાલકા તથા વિષેશ અતિથી શ્રી વિજયભાઇ મોમાયા અને મણિકાંતભાઇ દંડની ઉપસ્થિતીમાં વિરલ દંડ, શ્રેયા લોડાયા, ખુશ્બુ છેડાએ નવકાર મંત્રથી શુરૂઆત કરેલ.

સ્વ. હીરાબેન હેમંતકુમાર વિકમશીને ૧૨ નવકાર ગણી, મૌન પાળી શ્રધ્ધાંજલી અપાયેલ.

નવપરણિત સૌ. માનસી અને અમર લલીત ધરમશીને પુષ્પગુચ્છ આપીને શુભેચ્છા અપાઇ. આ વર્ષે ઉતીર્ણ થયેલ જ્ઞાતિછાત્રોને અભિનંદન આપી શુભેચ્છા અપાયેલ. સમસ્ત મહાજન તરફથી આવેલ તથા અન્ય પત્રોની માહિતી અપાઇ. કવિ તેજની કાર્યક્રમની દરેક પરિવારને સી.ડી. અપાઇ. સૌ.ઇલાબેન દંડે ત્રણ ગેમ અને હાઉસી ગેમ રમાડેલ જેના વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ. શ્રી મણિકાંતભાઇ દંડે આભારવિધિ કરેલ. કાર્યકરોએ સભાની વ્યવસ્થામાટે જહેમત લીધેલ. બપોરે જમીને બધા છુટા પડ્યા.

## ગોરખડી-દ્રાફા

અત્રે સારો વરસાદ પડ્યો છે. સેવાભાવી મધુબેન બાબુલાલ લોડાયાના અવસાનથી ગામને ખોટ પડી છે. ગામજનો પર્યુષણ આરાધના કરવા જવા અંગે આયોજન કરી રહ્યા છે.

## શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુન્ડ

મુલુન્ડની એડ્રસ બુક તૈયાર થઇ ગઇ છે. મુલુન્ડમાં વસતા જ્ઞાતિજનોને ૧૫.૭.૧૩સુધી સોમથી શનિ સવારના ૧૧ થી ૧૨.૩૦ અને સાંજના ૪.૩૦થી ૬.૦૦માં અને રવિવાર સવારના ૧૧થી ૧૨.૩૦ દરમ્યાન મંડળના કાર્યાલય વીરજી જીવરાજ મેપામી હોલ, દેવકુંજ, કસ્તુરબા રોડ, મુલુન્ડ (વે)થી લઇ જવા જણાવાયું છે સંપર્ક : શ્રી હંસકુમાર દામજી મૈશેરી-૯૮૨૦૧૬૭૭૯૯, શ્રી ગુલાબ કલ્યાણજી મૈશેરી-૯૮૩૩૬૦૯૦૯૮

મંડળના સીનીયર સીટીઝન ગ્રુપની સભા ૨૩.૬.૧૩ના સવારે ૧૦ થી ૧૨.૩૦ દરમ્યાન યોગ અને પ્રાણાયામની જાણકારી માટે મળશે. જેમાં ગોલ્ડ મેડલીસ્ટ ડૉ. અશોક ઠાકર પ્રાણાયમના ફાયદા વિષે ઉપયોગી સમજણ આપશે. બપોરે ૨ થી ૭માં ૫૦ જણાંની હઠીલા રોગોની મેડીકલ તપાસણી કરી નિદાન અને દવા અપાશે, સર્વે ઇચ્છુક જ્ઞાતિજનો આ શિબિરનો લાભ લઇ શકશે. સીનીયર સીટીજન ગ્રુપમાં જોડાવવા કોઇ સભ્ય ફી નથી.

## સૌ. ખ્યાતી પુનિત ધરમશીને એવાર્ડ

સૌ. ખ્યાતી ધરમશી (જખૌ-નવી મુંબઇ)ને પ્રેસ ક્લબ ઓફ મુંબઇ તરફથી ઇન્ડીયન જર્નાલીઝમમાં શ્રેષ્ઠતા માટે વર્ષ ૨૦૧૩નું પ્રતિષ્ઠિત રેડ ઇન્ક એવોર્ડ માહિતી પ્રસારણ મંત્રી શ્રી મનિષ તિવારીના હસ્તે રાજ્યપાલ શ્રી કે. શંકર નારાયણની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમમાં મળેલ છે. જેમાં એવોર્ડ અને રૂા.૨૫ હજારનું પારિતોષિક એનાયત થયેલ.

ખ્યાતીબેન ઇકોનોમિક ટાઇમસ્ વેલ્થ ન્યુઝ પેપરમાં




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

આવેલ તેમના ૨૨ હજાર કરોડની દાવા વગરની વેલ્થના લેખ માટે મળેલ છે. ડી.એન.એ. અને ઇકોનોમિક્સ ટાઇમ્સમાં કારકીર્દી કરીને હાલ મની કંટ્રોલ. કોમ માટે પ્રવૃત છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## ઘાટકોપરમાં મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને જી.વીસી સંઘના સથવારે ૨૮.૬.૧૩ના સવારે ૧૦ થી ૪ દરમ્યાન અનંતછાયા ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇ). હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : ૯૮૯૨૩૭૨૭૭૭ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂ.૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

## મેળાવો પરિવાર-ડોંબિવલી

મેળાવો પરિવાર દ્વારા શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન ૧૬.૬.૧૩ના યોજાયેલ. જેમાં ૬૫૦ જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા સુવિધિનાથ જિનાલયના ઉપાશ્રયે યોજાયેલ આ જાપમાં વિધિકાર શ્રી હર્ષ દેઢિઆ (તલવાણા) દ્વારા સંગીતના સથવારે, વિવિધ મુદ્રામાં નવકાર જાપ કરાવાયેલ. અનુષ્ઠાનના લાભાર્થી શ્રી ચંદ્રકાંત હંસરાજ મુલજી લોડાયા પરિવાર (વારાપધ્ધર), નવકારશીના લાભાર્થી માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર (રાપર ગઢવારી) હતા.

શ્રી હીરેન પ્રકાશ કુરવા, શ્રી ધવલ ઉમેશ ખોના, શ્રી પ્રતિક ઝવેરચંદ લોડાયા, શ્રી રાહુલ કુરવા, શ્રી કપિલ ધરમશી, શ્રી નીરવ મૈશેરી તેમજ સમસ્ત મેળાવો પરિવારના કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી સફળ બનાવેલ. શ્રી સમસ્ત મહાજનના સેક્રટરી જનરલ શ્રી ચિમનભાઇ મોતા પધારેલ. કુ. શીવાની ગોસરે સુત્ર સંચાલન કરેલ. આગામી પર્યુષણ ચૈત્ય પરિપાટી કાર્યક્રમ રહેશે. મેમ્બરશીપની નોંધણી ચાલુ છે.

## ભાંડુપ જિનાલયે ૬૮મો ધ્વજારોહણ

શ્રી અનંતનાથ ટ્રસ્ટ, મુંબઇ મહાજનશ્રી અને ભાંડુપ સંઘના ઉપક્રમે આદેશ્વર જિનાલયની ૬૮મી વર્ષગાંઠે ધ્વજારોહણ ઉમંગે-ઉત્સાહે ઉજવાયો. પૂ.આ.શ્રી કલાપ્રભસાગર સુરીજી આ.ઠા. તથા પૂ. સા. હીતપ્રજ્ઞાશ્રીજી આ.ઠા.ની નિશ્રા રહી યતિશ્રી મોતીસાગરજી મ.સા.એ ધ્વજા મહોત્સવે વિધિ વિધાન કરાવેલ.

આ અડસઠમી ધ્વજાનો લાભ ૧૫૧૧૫ મનમાં મા. વીણાબેન વિનોદ રાયશી પોલડીયા પરિવાર (રંગપુર) અને ક્ષેત્રપાલ મંદિરની ધ્વજા શ્રી શામજી નરશી દંડ પરિવાર (સાંધવ) હ. સમીરભાઇએ લીધેલ. આ અવસરે વિવિધ પરિવારોએ ૧૮ અભિષેકનો લાભ લીધેલ. ધ્વજારાહેણ નિમિતે નાતજમણ રાખવામાં આવેલ. આ પ્રસંગે પધારેલ વરિષ્ઠ કાર્યકર માતુશ્રી મનોરમા પાટીલનું બહુમાન કરાયું. જેમણે જૈન સમાજની અનુમોદના કરી કોઇપણ સાર્વજનિક કામ માટે મદદરૂપ થવા તૈયારી દર્શાવી.

સંઘના જિનાલય પરિસરને ૩-૪ વર્ષથી ચાતુર્માસમાં મંડપ (મોન્સુન શેડ) નિઃશુલ્ક સેવાભાવે બાંધી આપવા બદલ શ્રી પદમશીભાઇ ગડા (મંજલ)નું સંઘવતી શ્રી ચેતન મોતાએ તિલક કરી બહુમાન કરેલ. શ્રી ગિરીશ શિવજી લોડાયાએ જિર્ણોદ્ધાર, રંગરોગાન અને પરિસરના અન્ય કામ માટે દેખરેખ રાખી સેવા આપી. શ્રી યોગેશ પટેલ, હેતલ ખોના, અર્પણ ખોના, રાજેશ લોડાયા, નિરવ મોતા આદિ કાર્યકરોએ વ્યવસ્થા સંભાળી. નવકારશી અને નાતજમણમાં ફાઇવ સ્ટારા કેટરર્સે મનભાવન ભોજન પીરસ્યા. મહોત્સવમાં દરરોજ રોશની, દાદાની હીરાજડીત આંગી, ઢોલ, શરણાઇ વાદન, વગેરે થતા. ટ્રસ્ટ તરફથી ઉપાશ્રય અનંત આરાધનાભવન સહ જિનાલયનું જિર્ણોદ્ધાર, રંગરોગાણ થયેલ. દેરાસરમાં પાટ, બાજોઠ, પાટલા આદિ નવા ઉપકરણ વસાવાયા છે.

## જખૌ તિર્થે ધ્વજારોહણ

જખૌ તીર્થે ૧૬૪મી વર્ષગાંઠે ધ્વજારોહણ ભક્તિભાવથી ઉમંગે ઉજવાયો સર્વે મળી ૧૪૦ની સંખ્યા થઇ. ૪૫૫૦ મણ ઘૃત ઉછામણી થઇ. આમરસ પુરીનું સંઘજમણ થયેલ. પર્વ પર્યુષણ આરાધનાર્થે પણ સારી સંખ્યામાં ભાવિકો તૈયાર થયા છે.

## સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ-સાંયરા

ટ્રસ્ટ તરફથી ભારતભરમાં વસતા સાંયરાવાસી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ફીનો ખર્ચ આપવામાં


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

"કચ્છશક્તિ"
એવોર્ડ માટે પસંદ થયેલ
સર્વે કચ્છી પ્રતિભાઓને
હાર્દિક અભિનંદન...
- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમોત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

આવશે. એમ ટ્રસ્ટી શ્રીમતી લીલાવતી વિનોદ મોમાયાએ જણાવ્યું છે. અરજી ફોર્મ માટે સંપર્ક : સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ, વી.આર. મોમાયા એન્ડ કાં., આર્મી-નેવી બિલ્ડીંગ-૧૪૮, મહાત્મા ગાંધી રોડ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન : ૦૨૨-૨૨૮૪૪૫૬૮

## શ્રી પ્રવિણ મૈશેરી-રાયપુર

જાણીતા સામાજિક કાર્યકર શ્રી પ્રવિણ મૈશેરી (રાયપુર) ની છત્તીશગઢ શાસન દ્વારા શાળા શિક્ષણ દિશા-નિર્દેશ સમિતિમાં સભ્યપદે નિમણુંક થઇ છે. આ રેગ્યુલેટરી સમિતિ શાળાઓના શિક્ષણ કાર્યક્રમનું નિયમન કાર્ય સંભાળનારી સશક્ત કમીટી છે.

શ્રી પ્રવિણભાઇ રાષ્ટ્રીય સ્વાભિમાન આંદોલનના સક્રિય કાર્યકર છે. હાલમાંજ એ આંદોલનના સંસ્થાપક અને રાષ્ટ્રવાદના પ્રખર ચિંતક શ્રી ગોવિંદાચાર્ય રાયપુર પધારેલ ત્યારે તેમના નિવાસસ્થાને રૂબરુ મુલાકાત આપી રાષ્ટ્રીય પ્રશ્નોપર એક કલાક વિસ્તૃત ચર્ચા કરી હતી. છતીશગઢમાં ગૌપાલન કૃષિ-કિસાન પ્રશ્નો, શિક્ષણ-યુવા અને જલ સમસ્યાના મુદ્દા ચર્ચાયા હતા. યુવાઓને સંગઠિત કરવા અને યુવાશક્તિને આગળ લાવવા અનુરોધ કરેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન મુંબઇ મિડટાઉન સંઘ

સંઘના ૪૮ સભ્યા ૯.૬.૧૩ના વાલકેશ્વર પરિસરના દેરાસરોની ચૈત્ય પરિપાટીએ ગયા હતા.

માટુંગાના શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ દેરાસરમાં દર્શન કરી બસ દ્વારા વડાલાના શ્રી સંભવનાથ દેરાસરમાં દર્શન કર્યા. વડાલાના સભ્યોને તેડી ગોવાલીયા ટેંક પર આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દેરાસરમાં પૂજા-દર્શન કર્યા. ત્યારબાદ બાબુલનાથમાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ દેરાસરમાં દર્શન પૂજા સેવા કરી.

ત્યાંથી નીકળી શ્રી બાબુ અમીચંદ પન્નાલાલ દેરાસરે આદેશ્વરના, શ્રી ચંદનબાળ દેરાસરે મહાવીરસ્વામીના અને વાલકેશ્વર રોડ પર આવેલ શેઠશ્રી કેશવજી નાયકે બંધાવેલ શ્રી સુપાર્શ્વનાથ દેરાસર દર્શન પૂજા કર્યા.

ત્યાંથી નીકળી શ્રીપાલનગરમાં આદેશ્વરજી દેરાસરમાં દર્શન કર્યા. ત્યારબાદ મોતીશા લેન, ભાયખલામાં આવેલ શ્રી આદેશ્વર ભગવાનના દેરાસરમાં ચેત્યવંદન, દર્શન કર્યા અને ત્યાંની ભોજનશાળામાં ભોજન લીધું. છેલ્લે વરલીના શ્રી સિમંધર સ્વામી દેરાસરે દર્શન કર્યા.

સંઘ તરફથી દરેક દેરાસરમાં રૂા.૨૦૦ તથા ફળનિવેદ આપવામાં આવ્યા. દરેક યાત્રીકને સ્નેક્સ આપ્યા. સભ્યો તરફથી રૂા.૪૫નું સંઘપૂજન થયું.

## પૂ.શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. જબલપુર

પૂ. મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. મુનિ રાજશેખરસાગરજી મ. મુનિશ્રી ધર્મશેખરસાગરજી મ.સા. જબલપુર સંઘની વિનંતી હોતાં વિદર્ભથી ઉગ્ર વિહારો કરી શિરપૂર-ડીગ્રસ-યવતમાલ-વર્ધા-નાગપુર- છિન્દવાડા-શીવની થઇ જબલપુર પધાર્યા. શ્રી કચ્છી જૈન સમાજના નેપિયર ટાઉન સ્થિતિ ભવનમાં ચાતુર્માસ નિહિત છે. સકલ શ્રી શ્વેતાંબર સંઘો સાથે મળી ચાતુર્માસ ઉજવવાના ભાવ છે. પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ ૧૨.૭.૧૩ થશે.

## પૂ.શ્રી ધર્મશેખરસાગરજી મ.સા.નું વરસીતપ પારણુ

જબલપુર નગરે શ્રી કચ્છી જૈન સમાજના આંગણે પૂ. મુનિપ્રવર શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના શિષ્ય મુનિ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા.નું પ્રથમ વરસીતપનું પારણું અને જિનાલય સાલગીરી નિમિત્તે ત્રિદિવસીય જિનભક્તિ મહોત્સવ રૂપે સાનંદ સંપન્ન થયેલ.

૧૦.૫.૧૩ના ૧૮ અભિષેક મહાપૂજન, ૧૧.૫.૧૩ના શ્રી ઋષિમંડળ મહાપૂજન ભણાવાયું. ૧૨.૫.૧૩ના જિનાલય સાલગીરી નિમિત્તે સત્તરભેદી પૂજા સહિત ધ્વજા ચઢાવાઇ. ત્યારબાદ વરસીતપ પારણાનો કાર્યક્રમ થયેલ.

પૂજ્ય ગુરૂભગવંતોના પ્રવચન બાદ સૌ પ્રથમ ઇક્ષુરસ વહોરાવાનો લાભ ચડાવાથી શ્રી શરદભાઇ શાહે લીધેલ. ગુરૂગુણ જન્મ શતાબ્દિ વર્ષ હોતાં ૧૦૦ ચાંદીની ગીનીથી ૧૦૦ ભાગ્યશાળી પરિવારોએ ગુરૂપૂજન કરેલ. મહોત્સવમાં વિધિવિધાન માટે કેવલભાઇ સાવલા મુંબઇથી પધારેલ.

ચાતુર્માસ સ્થળ : મુનિરાજ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. C/o.શ્રી કચ્છી જૈન સમાજ મંદિર, નેવિયર ટાઉન, પ્રો. હરિરામ માર્ગ, જબલપુર-૪૮૨૦૦૨. સંપર્ક : ભરતભાઇ વીરા-૦૯૪૨૫૩૨૩૭૯૬.

## પુ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.

પુ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.આ.ઠા.-૨ ૧.૭.૧૩ના ઘાટકોપર પધારશે. સકલ સંઘને સામૈયામાં જોડાવવા આમંત્રણ છે. પુજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ મસ્જીદબંદર સંઘે અનંતનાથ જિનાલયના ઉપાશ્રયે ૧૪.૭.૧૩ છે. સર્વે જ્ઞાતિજનોને પધારવા આમંત્રણ છે.

## સુથરીવાસીઓની વરસાદી પીકનીક

લોનાથરી લેડીઝ વીંગના ઉપક્રમે સુથરીવાસીઓની વરસાદી પીકનીક ૬ અને ૭ જુલાઇના મહાબળેશ્વર-પંચગીની જશે. આ બે દિવસીય પીકનીક માટે નામ નોંધણી ૨૮.૬.૧૩ સુધી છે. વ્યક્તિ દીઠ રૂા.૨૫૦૦ ચાર્જ છે.

# પાસ થયા – હાર્દિક અભિનંદન



એકતા જસમુખ દંડ
વડોદરા
HSC - 95.92 %



માનસી પરેશ લોડાયા
જલગામ
CBSE - 93%



હેમીના ચંદ્રકાંત મહેશ્વરી
ડૉંબિવલી
HSC - 89.16%



સ્મિત અજય ખોના
ઘાટકોપર
HSC - 81%



વિવેક અજય મુનવર
ડૉંબિવલી
SSC - 76.35 %



ભાવિક બલરાજ લોડાયા
ડૉંબિવલી
SSC - 73.27%



વિદિશા કાંતિલાલ દંડ
ડૉંબિવલી
SSC - 94 %



રિદ્ધી યોગેશ નાગડા
-
SSC - 92.91%



મેઘાવી ચેતન મોતા
મુલુન્ડ
SSC - 85.9%



જિનલ ઝવેરચંદ લાલકા
ઘાટકોપર
B.Com - 80%



અલ્પેશ હરેશ ખોના
-
Dip. in Comp. Engg.



આયુષી તુષાર લાલકા
નીમચ
CBSE (12) - 86.2%

| | | |
|---|---|---|
| ચિરાગ પ્રકાશ લોડાયા | વડાલા | S.S.C. 60% |
| કુ. પ્રિયંકા પીયુષ લાપસીયા | વડાલા | S.S.C. 56% |
| કુ. યશ્વી રાજેશ લોડાયા | વડાલા | S.S.C. 58% |
| ચિરાગ રાજેશ લોડાયા | વડાલા | H.S.C. 93% |
| યશ હરેશ ડાઘા | ભાયંદર | B.Com - 75% |
| સચીન હંસકુમાર ગોશર | મુલુન્ડ | B.Com - 80% |


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

ગુરૂવાર બંધ



શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.



શુભેચ્છાસહ.....
**શીતલ કોટન ટ્રેડર્સ**
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઇઝ | કલર | બ્લેક-વ્હાઇટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા

## નવા/બદલાયેલા સરનામા–ફોન નંબર (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિનોદ હીરજી લોડાયા** | ૩૦૧, મોહન તુલસી વિહાર નં.૧, હેંદ્રેપાડા, બદલાપુર (વે), ફોન : 2666202 |
| **મુલચંદ લાલજી ખોના** | કૃષ્ણકુંજ, ૪થે માળે, હાટકેશ સોસાયટી, એન.એસ. રોડ–૭, પાર્લા (વે) ફોન : 9322262521 |
| **દિલીપ જે. મોતા** | બી–૧, સાઇધામ લોયોલા, નાહુર વિલેજ રોડ, મુલુન્ડ (વે), મુંબઇ–૮૦. ફોન : 25600895 / 9004067896 |
| **ગૌતમ મુલચંદ મૈશેરી** | બી–૨, સી/૬૦૫, લોટસ, કુકરેજા કોમ્પલેક્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ – ૭૮ |
| **અરૂણા નિતીન નાગડા** | ૨૦૦૪–એ, સર્વોદય હાઇટસ, સર્વોદય નગર, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ – ૮૦ |
| **ભરત હિરજી માલદે** | ૨, શ્રી બિલ્ડીંગ, ગણેશ ગાવડે રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ – ૮૦ |
| **જિગર લાલજી લોડાયા** | ડી–૭૦૩, આશા ગાર્ડન, પ્રગતિ સંકુલ, કુંભારખાન પાડા, સુભાષ રોડ, ડોંબિવલી (વે) ફોન : 7666181146 |
| **કેતન મધુકાંત લોડાયા** | રિદ્ધી–સિદ્ધી ડુપ્લેક્સ–૨, પ્લોટ ૧૪૭, માંગલ્ય–૧, વોર્ડ ૮ એ, ગાંધીધામ – ૩૭૦૨૦૧ |
| **યોગેશ જે. મોતા** | ઇ–૭, મમતા એપાર્ટમેન્ટ, સંતોષી મા મંદિર સામે, એલ.બી.એસ. રોડ, મુલુન્ડ (વે) ફોન : 21649665 |
| **લીતીન એન. લોડાયા** | ૪/બી, મેરુ માર્વેલ એપાર્ટમેન્ટ, અમન કોવિલ સ્ટ્રીટ, વસંતમ નગર, વેન્કટાપુરમ, કોઇમ્બતુર ૪૪૧૦૨૫ |
| **નવીનચંદ્ર મુલજી નાગડા** | પ્લોટ ૨૦(૫), પોદાર હાઉસ, ફ્લેટ ૨૪, બીજે માળે, આર.એ.કે. રોડ, વડાલા, મુંબઇ–૩૧ ફોન : 24127907 / 9819077907 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ચંદન મણીકાંત શિયાડ** | ડોંબિવલી | **09821615599** | **ભાવના લોડાયા** | બદલાપુર | **09869188721** |
| **અલ્પા હિરેન શિયાડ** | ડોંબિવલી | **09821815599** | **નવીનચંદ્ર મુલજી નાગડા** | વડાલા | **09819077907** |
| **કિર્તિકુમાર જીવરાજ પોલડીયા** | બડગરા | **09349238727** | **ધીરેન નવીનચંદ્ર નાગડા** | વડાલા | **09833127907** |
| **હિતેશ વિનોદ લોડાયા** | બદલાપુર | **09892179439** | **જાગૃતી ધીરેન નાગડા** | વડાલા | **09820027907** |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭.૫.૧૩ | જાલના | SNMA010304 | ભાગ્ય-હીરલ/નીતિન કિશોર મૈશેરી | નાનીસિંધોડી | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૪.૧૩ | યવતમાલ | NLLO100304 | મેહુલ ભરત મણીલાલ લોડાયા | નલીયા | ૨૭ |
| | મુલુન્ડ | JKKN020503 | ધારા રાજેશ આણંદજી ખોના | જખૌ | ૨૩ |
| ૧૯.૫.૧૩ | મુલુન્ડ | SUDU050304 | મયુર વિનોદ રાયચંદ ધુલ્લા | સુથરી | ૨૭ |
| | મુલુન્ડ | VVMT030303 | બેલા ચીમન મેઘજી મોતા | વારાપધર | ૨૨ |
| ૯.૬.૧૩ | ઘાટકોપર | NLLO180303 | ડૉ. ઋષભ જીતેન્દ્ર ઉમરશી લોડાયા | નલીયા | ૨૬ |
| | હૈદ્રાબાદ | KUMT051901 | રીતુ દિલીપ પદમશી મોતા | કુવાપધર | ૨૩ |
| ૨૦.૬.૧૩ | અમદાવાદ | KRMU010604 | ઉમેશ હરીશ હીરાચંદ મુનવર | કોઠારા | ૨૭ |
| | અમદાવાદ | BDDU020306 | પ્રિયંકા લક્ષ્મીચંદ વેલજી ધુલ્લા | બાંઢીયા | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬.૫.૧૩ | સાંતાક્રુઝ | RADH021003 | પરાગ દિનેશ કુંવરજી ધરમશી | રંગપુર | ૨૪ |
| | વાશી | A | શૈલી પંકજ સોભાગચંદ વીરા | નાગલપુર | ૨૩ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૩.૬.૧૩ | ઘાટકોપર | KRKN030403 | ભાવિન હિરેન માણેકજી પાલાણી | કોઠારા | ૨૭ |
| | વાશી | MJLO010704 | કિંજલ સુશીલ લહેરચંદલોડાયા | મંજલ (રે) | ૨૭ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪.૬.૧૩ | કારંજા | NLKN040201 | રતનબાઇ પદમશી ખેતશી ખોના | નલીયા | ૮૦ |
| ૧૪.૬.૧૩ | વાપી | SIL0200202 | કાંતાબેન ગોવિંદજી વેલજી લોડાયા | સાંયરા | ૭૩ |
| ૧૩.૬.૧૩ | મુલુન્ડ | JSDH030801 | રાયચંદ જીવરાજ સોજપાર ધરમશી | જશાપર | ૮૪ |
| ૧૫.૬.૧૩ | નાલાસોપારા | KRDH030201 | પ્રેમીલાબેન પ્રફુલ મુલજી ધરમશી | કોઠારા | ૬૦ |
| ૧૬.૬.૧૩ | દેવલાલી | SPCD040101 | સોમચંદ જેતશી જીવરાજ છેડા | સુજાપર | ૮૦ |
| ૧૭.૬.૧૩ | ડોંબિવલી | SUDH032001 | કિશોર શામજી પદમશી ધરમશી | સુથરી | ૬૬ |

# ધુમ (નાગડા) પરિવારનું ગૌરવ

# હાર્દિક અભિનંદન



## ચિ. આકાશ ધૂમ (નાગડા)

ચિ. આકાશ ધૂમ (નાગડા) 88.8% સાથે B.E. (Computer Science & Engineering) માં Sri. Krishna College of Engg. & Technology Coimbatoreથી ઉત્તીર્ણ થયેલ છે. ભવિષ્યમાં પણ તેઓની ઉત્તરોતર પ્રગતી થતી રહે એવી શુભેચ્છાઓ....

શુભાશીષ

દાદાણાં : અ.સૌ. હેમલતા અનિલ હિરાચંદ ધૂમ (નલિયા-કોઈમ્બતુર)
માતા-પિતા : અ.સૌ.હીના મયુર ધૂમ (નલિયા)
નાનાણાં : અ.સૌ. લીલાવતી તારાચંદ ખોના (જખૌ-મુંબઈ)

## અંતરના હાર્દિક અભિનંદન



### ચિ. ભક્તિ મૈશેરી

લાડલી ચિ. ભક્તિ મૈશેરી **10th**ની પરીક્ષામાં **85%** માર્કસ પ્રાપ્ત કરી અમારા પરિવારનું નામ રોશન કર્યું છે. અમારો પુરો પરિવાર એના ઉજ્વલ ભવિષ્યની કામનાની સાથે ઘણાંજ આશિષથી અભિનંદન આપે છે.

શુભાશીષ

દાદા-દાદી : સૌ. સપના જીવન મૈશેરી (આકોટ)
નાની બેન : આરતી
ફુઇ-ફુઆ : સૌ. પ્રિતી ભાવેશ ધરમશી (નાશિક)
સૌ. મનિષા રાજેશ શાહ (અમરાવતી)
બહેન-ભાઇ : ઐશ્વર્યા, તૃષ્ણા, રોનક

શ્રી મણીલાલ માણેકજી મૈશેરી સમસ્ત પરિવાર (આકોટ)

## કચ્છ માટે વધુ નર્મદાજળ



કચ્છ જીલ્લા માટે નર્મદાના વધારાના પાણીને ૧ એમ.એ.એફ માત્રામાં વધારો ફાળવતા આઠ વિભાગમાં અંદાજે ૧૦ લાખ એકર જમીન ખેતીવાડી માટે સુનિશ્રિત થશે. આ યોજનાનો અંદાજિત ખર્ચ ચારેક હજાર કરોડ થશે. આ પુર્વે ૦.૫ એમ.એ.એફ નિયમિત પાણી ફાળવાયેલ જેમાં વધારો કરાયો છે. આ થકી કચ્છનો તુમાલે અંદાજે ૧૬૦૦ કરોડ જેવી કમાણી થશે. આ યોજના અંતંગર્ત અબડાસાના ૩૫ ગામોને પણ લાભ મળશે. આ યોજના આઠ પેટા કેનાલોમાં નર્મદાનું પાણી વિતરીત કરશે.

કચ્છની ચારેક લાખ હેક્ટર જમીન નવપલ્લવિત બનશે અને સારી ખેતી ઉપજ આપશે. આ યોજના જલદી કાર્યન્વિત થાય તે માટે રાજકીય-પ્રજાકીય દબાણ રજુ કરવા દરેક કચ્છી કમર કસે એવી અપેક્ષા સેવાય છે. કચ્છમાં ઉદ્યોગો, કુદરતી સ્ત્રોત, ખેતીવાડી, માળખાકીય સુવિધા શૈક્ષણિક સગવડો, પશુપાલન, વાહન વ્યવહાર વિકાસ થકી ઉલ્લેખનીય સર્વાંગીણ પ્રગતિ સાકાર થશે.



C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ,day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.








**Rahul Khushal Dharamshi**
***Managing Director***

**Mehul Khushal Dharamshi**
***Director***

- DRL Logistics Pvt. Ltd. is the Kutchi Dasha Oswal Jain Community's Largest Transporter in India with ISO 9001 : 2008 Certified Company having more than 100 Branches and agencies in the State Of Karnataka, Andhra Pradesh, Tamil Nadu, Pondicherry, Kerala, Maharashtra, Goa, Gujarat and Rajasthan.
- The Logistic management is lead by dynamic person **Sri. Rahul Khushal Dharamshi,** Managing Director and **Sri. Mehul Khushal Dharamshi,** Director. S/o. Sri Khushalchand Dhanji Shah

**DRL is pioneer in Transport Industry. Despatch your goods through DRL Logistics Pvt. Ltd.**

## Daily Service To & From :

KARNATAKA ☆ ANDHRA PRADESH ☆ TAMIL NADU ☆ PONDICHERRY ☆ MAHARASHTRA ☆ GUJARAT ☆ RAJASTHAN

## KHUSHAL SHAH GROUP OF COMPANIES

The Fun is always on at
DHARAMSHI RESORTS

## DHARAMSHI RESORTS PVT. LTD.

## DHARAMSHI HOLDINGS AND DEVELOPERS PVT. LTD.

DRL *Move Logically...*

## DRL LOGISTICS PVT. LTD.

(Logistics and Supply Chain Management)

## R. K. LOGISTICS

## R. K. DEVELOPERS

**Khushalchand D. Shah**
**Mobile**
**09844002300,**
**09449053053**

**H. O. :** No.33, Komal Mansion
M.T.B. Road, Near Minerva Circle, Bangalore - 560 002
Tel : (080) 22238181/82/83, Fax : (080) 22122300, 42060613
Email : drllogistics@ymail.com, www.drllogistics.com
RAHUL KHUSHALCHAND DHARAMSHI
*Managing Director*
Mob : 09844009008

**R. O. :** No. 77/80, 'Pranav Chambers', Unit No. 2, Ground Floor,
Sector-19/C,Vashi, Navi Mumbai - 400 705
Ph : 022-2783, 8266-8255, Fax : (022) 2783-9008
Email : mumbai@drllogistics.com, www.drllogistics.com
MEHUL KHUSHALCHAND DHARAMSHI
*Director*
Mob : 09320409008

**Web : drllogistics.com • Email : Bangalore@drllogistics.com**

**Trust Us To Move Logically – Full Load Accepted All Over India- 50 Years in Transport**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**